# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૨

અંક : ૧૦


# શુભ દિપાવલી

# નૂતન વર્ષાભિનંદન



## નવા વર્ષની હાર્દિક શુભકામના....

– ટપક ટીમ

"કેમ છો" કહેવાની પહેલ દર વખતે આપણે જ કરવી જોઈએ

## કેફી દ્રવ્યોના બંધાણ

જયારે આપણને કેફી દ્રવ્યોના બંધાણીઓની વાત સાંભળવા મળે ત્યારે અપણી સામે રેલ્વે બ્રીજ કે ફુટપાથ ઉપર બેસીને ઈન્જેકશન વડે કે સીગારેટ વડે ડ્રગ્સ લઈ રહેલા બંધાણીઓ જ તરી આવે છે. ડ્રગ્સની વાત આવે ત્યારે આપણે ચરસ, ગાંજો, હેરોઈન કે મેન્ડ્રેકસની ગોળીઓ જ યાદ આવે છે.

આજના યુગમાં યુવાનો માત્ર વ્યસન  તરીકે નહી પણ પરીક્ષામાં પાસ થવા આગળ વધવા, વધુ કલાકો કામ કરવા કે માત્ર દેખાવ માટે છુટથી જાતજાતના ડ્રગ્સનુ સેવન કરી રહયા છે. આજના યુવક યુવતી માટે મોબાઈલ, પિજજા અને બર્ગર લાઈફ સ્ટાઈલનો એક ભાગ ગણાય છે તેવીજ રીતે કેફી દ્રવ્યોને પણ પોતાની લાઈફ સ્ટાઈલનો હિસ્સો બનાવી દીધો છે. ડ્રગ્સનું સેવન કરતા વ્યકિતઓ ડ્રગ્સ ખરીદવા અંધારી ગલીયોમાં ભટકવુ નથી પડતુ તે ઈન્ટરનેટ ઉપર ઓર્ડર આપીને તે કેમીકલનું પેકેટ પોતાની ઘરે મંગાવી શકે છે. આવી રીતે આપણા દેશમાં ડ્રગ્સનો દુરઉપયોગ કરવાની તરાહમાં ઝડપથી પરીવર્તન આવી રહયું છે. આપણા વિકસતા દેશમાં કેફી દ્રવ્યોના બંધાણીઓની સંખ્યા ભયજનક હદે વધી રહી છે. જેમા નવી દિલ્હી અને મુંબઈ જેવા શહેરમાં કેફી દ્રવ્યના બંધાણીઓની સંખ્યા મોટા પ્રમાણમાં વધી રહી છે.

કેફી દ્રવ્યનું સ્કુલ અને કોલેજમાં પણ સેવન વધી રહયું છે સિમલાની કોલેજમાં ભણતા ૨૦૦૦ વિદ્યાર્થીઓનો તાજેતરમાં સર્વે કરવામાં આવ્યો ત્યારે તેમાં ચોકાવનારી વાત જાણવા મળી કે ૫૫ ટકા છોકરાઓ અને ૨૪ ટકા છોકરીઓ કોઈને કોઈ નશાકારક દ્રવ્યનુ સેવન કરી રહયા છે. શ્રીમંત લોકોના છોકરાઓ પોતાના માતા પિતાથી દુર રહી હોસ્ટેલમાં રહેતા હોય તેને તેના માતા પિતાનો અંકુશ હોતો નથી એક વિધાર્થી ડ્રગ્સનું વ્યસન લઈ આવે ત્યારે બીજાને લાગતા જરાય વાર નથી લાગતી તેઓ સરળતાથી વ્યસનમાં ધકેલાય જાય છે યુવાનો કેફી દ્રવ્યને લાઈફ સ્ટાઈલ નો એક ભાગ માનવા લાગ્યા છે. આ કારણે યુવક યુવતીઓના માતા પિતાએ એકદમ સાવધાન રહેવુ જોઈએ.

સંકલન : નવલિકા

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે.

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**– ટપક ટીમ**

***કોઈએ લંબાવેલો દોસ્તીનો હાથ કયારેય તરછોડવો નહી.***

## શૌચાલય સહાય

ખરેખર આજના દિવસે મને કહેવાનું મન થાય છે કે સરકારે દરીદ્રનારાયણના ઘરમાં કલ્યાણનો દિપ પ્રગટાવ્યો છે હું વેરાવળ તાલુકાના ડારી ગામનો રહીશ રાજેશ રતીગીરી મેઘનાથી મારે ઘરે શૌચાલયની સગવડ ન હતી મારા વૃધ્ધ દાદા દાદીને બહાર શૌચક્રિયા માટે જવામાં તકલીફ પડતી હતી. મારા માતા અને બહેનોને પણ શૌચક્રિયા માટે દિવસે જવામા તકલીફ પડતી હતી જેને કારણે દિવસ દરમ્યાન શૌચક્રિયા ન કરવાથી પેટમાં દુખાવાથી માંડી અનેક રોગોએ ઘર કર્યુ હતુ. જયારે બહારથી આવેલ મહેમાનો ઘરે શૌચાલય ન હોવાથી અમારે ત્યાં આવવામાં શરમ અનુભવતા.

આર્થીક પરિસ્થિતી નબળી હોવા છતાં જેમ તેમ કરી ઉછીના પૈસા લઈ મેં શૌચાલય બનાવવાનુ શરુ કર્યુ. એ દરમ્યાન મને સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન સાથે જોડાયેલી સંસ્થાના કાર્યકર મારફત ખબર પડી કે મને પણ સરકારશ્રીની શૌચાલય બનાવાની યોજનાનો લાભ મળી શકે. મારા ગામના સરપંચશ્રી અને તલાટી મંત્રીશ્રીએ પણ મને જણાવ્યું કે તમારુ નામ બીપીએલ ની યાદીમાં છે તેથી શૌચાલય સહાયનો લાભ મળવા પાત્ર છે. તે માટે જરૂરી વિગતો સાથે આ વિસ્તારમાં કાર્યરત સંસ્થા એસએસકેકેના કાર્યકરોએ ફોર્મ ભરી તાલુકામાં રજુ કરેલ અને સોમનાથ ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં મા. મુખ્ય મંત્રીશ્રી રૂબરૂમાં શૌચાલય સહાયનો રૂ. ૨૨૦૦નો ચેક આપવામાં આવ્યો. સરકાર તરફથી સહાય મળતા મે ઉછીના મેળવેલ પૈસા પરત કરી મારૂ પોતાનું સ્વામાનભેર શૌચાલય બનાવેલ છે. અને મારા ગામમાં જે લોકોને ઘરે શૌચાલય નથી તેમને બનાવવા માટે સમજાવું છું. જે તે વ્યકિતના કે ગામ લોકોના સ્વાસ્થ્ય માટે ઘરમાં શૌચાલય હોવું ખુબ જરૂરી છે તેવી માન્યતા પ્રબળ બનતી જાય છે. ટુંક સમયમાં મારા ગામમાં ૧૦૦ ટકા ઘરોમાં શૌચાલય જોવા મળશે તેવી મને આશા છે.

Have a smiling face.
Pay greetings + respect.
Do not criticize No Value judgments.
Do not promise impossible.
"No "is not No, No means "Try hard again".
Plan your day - year - life, Keep diary.
Do not get annoyed, satisfy others.
Be a role model, to be followed.

**ક્રેડિટ કાર્ડ સગવડ સાચવવા માટે છે. ઉધારી કરવા માટે નહી.**

## કાર્યકરોની અર્ધવાર્ષિક બેઠક

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ તથા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના અમરેલી, જુનાગઢ તથા વલસાડ જીલ્લાના કાર્યક્રમો સાથે સંકળાયેલ કાર્યકરોની વર્ષ ૨૦૧૦ – ૨૦૧૧ની અર્ધવાર્ષિક બેઠક તા. ૨ તથા ૩ ઓકટોબરના રોજ રાખવામાં આવી હતી. જેમાં કાર્યકરો સાથે નીચે મુજબના મુદાઓની ચર્ચા કરી નિર્ણયો કરવામાં આવ્યા હતા.



૧. કાર્ય સમીક્ષાઃ– બંને સંસ્થાના ક્ષેત્રીય કાર્યકરો તથા કચેરી સ્ટાફ દ્વારા તેઓએ તેમણે કરેલી કામગીરી અને આગામી આયોજન અંગે રજુઆત થઈ જેને ખુલ્લી ચર્ચામાં લઈ વિસ્તૃત સમજ બનાવવામાં આવી.

૨. ખુલ્લી ચર્ચા કાર્યકરો દ્વારા તેમની રજુઆતો :– કોમ્યુનીટી મોબીલાઈઝર એટલે શું ?, સંસ્થા વિશે જાણકારી, સંસ્થાના વાર્ષિક આયોજનની વિગતો, સ્વસહાય જુથો અંગે બૈજીક કન્સેપ્ટ, જેન્ડર એજયુકેશન, વર્ષા વીમાની પ્રોડકટ સમજવી, ગૌણ વન પેદાશ કોને કહેવાય ?, શૌચાલય બનાવવા બાબતે લોકો સાથે ચાલતી પ્રક્રિયા સમજવી, એડવોકેસીની સમજ, વોટરશેડ પ્રોજેકટ.

**રાત્રે જમતી વખતે ટી.વી. તથા બોલવાનુ બંધ રાખીએ.**

ખાંભાનું મુલ્યાકંન, રીસોર્સ ઓર્ગનાઈઝેશનનુ મુલ્યાંકન, કન્વર્ઝન્સ એટલે શું ?, જોબ પ્રોફાઈલ, વર્મીકમ્પોસ્ટ, ગ્રામ સભાની કામગીરી, આપણા દ્વારા રચાયેલા સંગઠનોમાં સાધારણ સભા/કારોબારી સમિતીની બેઠકો પરત્વે આપણી ભુમિકા, તમામ પ્રકારના સંગઠનોનું દફતરી કાર્ય, કેશફ્લો, ભૂતપૂર્વ કાર્યકરો સાથે જોડવા, સંસ્થાના વીઝન, મીશન, હેતુ, ઉદેશ, આશય અને ગોલ જેવા શબ્દોના અર્થ ઉદાહરણો સાથે સમજવા.



ઉપરોકત મુદાઓ નીકળી આવ્યા જેમાં ખુલ્લી ચર્ચામાં અરસપરસ શીખવાની પ્રક્રિયા ચાલી જયાં જરૂર લાગી ત્યાં જે તે મુદાઓ પર જાણકારોના મંતવ્યો મેળવી માહિતી રજુ કરવામા આવી.

૩. દરખાસ્તો અને ડોકયુમેન્ટેશન :– આ બાબત સમજવા બીજા દિવસે જુથ કાર્ય કરવામા આવ્યુ. જેમાં કોઈ એક સમસ્યાને લઈને અરજી લખવી, કેસ સ્ટડી લેખન, સફળ વાર્તા તૈયાર કરવી, પ્રેસ નોંધ બનાવવી, સંકલ્પના નોંધ (કન્સેપ્ટ નોટ) તથા અહેવાલ લેખન તૈયાર કરવા જુથોને એક એક મુદા પર ચર્ચા કરી કરેલ કાર્યની મોટા સમુહમાં રજુઆત કરી તેના પર શ્રી પ્રકાશ ભટ્ટીએ દરેક મુદાઓ પર છણાવટ કરી હતી.

**નકારાત્મક પ્રકૃતિના માણસોને મળવાનું ટાળો.**

## વોટરશેડ મૂલ્યાંકન

વર્ષ ૨૦૦૧ – ૨૦૦૪ દરમ્યાન પુર્ણ થયેલા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા અમલી વોટરશેડ યોજનાના પ્રોજેકટનાં મુલ્યાંકન માટે મુલ્યાંકનકારશ્રી તુષાર ભટ સપ્ટેમ્બર ૨૦૧૦ દરમ્યાન પ્રોજેકટના ગામો નાના વિસાવદર, નાનુડી, ઉમરીયા, તાતણીયા, લાસા તથા ધાવડીયાની મુલાકાતે ગયા હતા.



યોજનામાં થયેલ પ્રવૃતિઓની વિગતે ગામ લોકો, સ્થાનિક સંગઠનો અને મહિલા મંડળના સભ્યો સાથે ચર્ચા કરી જરુરી માહિતી મેળવી હતી. યોજનામાં થયેલી તમામ કામગીરી લોકોને સાથે રાખી જરુરી રેકર્ડ સાથે સરખાવી નિહાળી હતી. અમુક વ્યકિતઓના ઈન્ટરવ્યુ લીધા હતા. હયાત સ્વ સહાય જુથોની ચાલતી પ્રવૃતિઓની વિગતો મેળવી હતી.

સંસ્થાના ખાંભા કાર્યાલયની મુલાકાત લઈ સંસ્થાના કાર્યકરો શ્રી ડાયાભાઈ તથા વિપુલભાઈ પાસેથી યોજનાને લગતી બાબતો ચકાસી હતી. લાંબા અરસા બાદ થયેલ આ મુલ્યાંકન મુલાકાત વખતે પણ લોકો ઉત્સાહી હતા તે આ યોજનાની હકારાત્મક અસર દેખાડે છે.

**આશાવાદીની વાતને તોડી પાડશો નહીં. શકય છે કે એની પાસે માત્ર એક જ આશા હોય.**

## અસર તાલીમ, સર્વે

તા. ૫ થી ૮ ઓકટોમ્બરના રોજ અંબાજી ખાતે અસરની ચાર દિવસની તાલીમ રાખવામાં આવેલ હતી. આ તાલીમમાં ગુજરાત રાજયના દરેક જીલ્લામાંથી વિવિધ સંસ્થાના કુલ ૪૦ કાર્યકર્તાઓ તાલીમમાં જોડાયા જેમાં આ સંસ્થામાંથી ચંદ્રીકાબહેન જોડાયા હતા. આ તાલીમનો ઉદેશ્ય એ હતો કે દરેક જીલ્લામાથી આવેલ સંસ્થાના કર્યકર્તાઓ પોતાની સંસ્થાના સ્વયં સેવકને અસરનો સર્વે કરવા માટે અસરકારક તાલીમ આપે.

તા. ૨૮ થી ૩૧ ઓકટોમ્બર' ૧૦ દરમ્યાન અમરેલી જીલ્લાના ૩૦ ગામોમાં યોજવાના અસરના સર્વે માટે આ સંસ્થાના સ્વયં સેવકોની બે દિવસની તાલીમ રાખવામાં આવી હતી. આ તાલીમમાં અંબાજી ખાતે તાલીમ લઈને આવેલ તાાલીમકાર એ પ્રથમ દિવસે અસર (એન્યુઅલ સ્ટેટસ ઓફ એજયુકેશન રિપોર્ટ) વિશે વાત કરવામાં આવી અને સર્વે કઈ રીતે કરવો તે સમજાવામાં આવ્યું. બીજા દિવસે સર્વે માટે નકકી કરેલ ઘરનો ટ્રાયલ સર્વે કરવામાં આવ્યો. આ તાલીમમાં ૩૦ જેટલા સ્વયં સેવકો જોડાયા હતા. તાલીમ બાદ સ્વયંસેવકો સર્વે માટે પોતાને સોંપાયેલા ગામોમાં જઈ દરેકે પહેલા ગામના સરપંચશ્રી અને પ્રાથમીક શાળાના આચાર્યશ્રીની મુલાકાત કરી અસર વીશે માહિતી આપી.ગામની તથા શાળાની માહિતી મેળવી. ગામમાં પદચલનકરી ગામની પ્રાથમીક માહિતી એકત્રિત કરી, ગામ લોકોને સાથે રાખી પ્રશ્નાવલીમા નકશો દોરી, ગામને ભાગ, ફળીયા અને વાસમાં વહેચીને ૨૦ ઘરની પસંદગી કરી તેનો સર્વે કરવામાં આવ્યો.

પસંદગી કરેલ ઘરોમાથી ૩ થી ૧૬ વર્ષના બાળકો કે શાળાએ જતા હોય કે ન જતા હોય તેવા બાળકોની વિગતો એકત્ર કરવામા આવી જેમા ૫ થી ૧૬ વર્ષના બાળકોની વાંચન, ગણન અને લેખનની ટેસ્ટ કરવામાં આવી અને તેની વિગતો પ્રશ્નાવલીમાં નોંધી હતી તેમજ દરેક ઘરે માતા પિતાના શિક્ષણ વિશેની માહિતી મેળવી હતી. આ સર્વે ''પ્રથમ'' સંસ્થા દ્વારા યોજવામાં આવ્યો હતો.

### આ માસમાં સંસ્થાના શુભેચ્છકશ્રીઓ

| | |
|---|---|
| ગીતા ગ્રાફીકસ | ૯૫૦ |
| રજત ડ્રોલીયા | ૮૪૦ |
| અંકુર સચન | ૮૪૦ |
| મનુ ભટનાગર | ૩,૭૮૫ |
| સૌરભ મીતલ | $ ૧૮.૯૮ |
| ધીરેન વાગડીયા | ૧૦૦૦ |
| પ્રમોદ જોષી | ૧૦૦૦ |
| ધર્મેન્દ્ર મહેતા | ૨૫૦ |
| અશ્વીન વ્યાસ | ૨૦૦૦ |

**કોઈને પણ આપણી વાત કહેતા પહેલાં બે વખત વિચાર કરો.**

## તમારી પાસે પાંચ મીનીટ છે ?

આ વેકેશનનું તમારું શું પ્લાનિંગ છે ? એકાદી ટુર અને બાકીના દિવસોમાં ટીવીને તમારાથી બોર કરવાનો વિચાર છે ? આ તો કાયમનું થયું. એના બદલે કંઈક જુદુ. કંઈક એકસાઈટિંગ કરવાની ઈચ્છા છે ? જેમ કે, નવા લીધેલા ડિજિટલ કેમેરાની મદદથી ફોટોગ્રાફીની કેટલીક ખાસ ટીપ્સ શીખો તો કેવું ? વોટર કલર પેઈન્ટિંગ પર હાથ અજમાવી જોયો હોય તો ? કે પછી જુની ચીજ વસ્તુંમાંથી કંઈક મસ્ત ડેકોરેટીવ પીસ બનાવવામાં મજા પડે કે નહી ? અથવા ચેસની કેટલીક ખતરનાક નવી ચાલ સીખવામાં રસ પડે ?

*સંકલન : નવલિકા*

**માસ દરમ્યાન થયેલ કામગીરી**

| | |
|---|---|
| ૧ | સમાચાર માધ્યમના પ્રતિનીધીઓ સાથે સંવાદ, રાજકોટ |
| ૨–૩ | અર્ધવાષિક બેઠક, અમરેલી |
| ૫–૮ | અસર તાલીમ, અંબાજી |
| ૭–૮ | એકલનારી મંચ મીટીંગ, અમદાવાદ |
| ૧૩ | વીએચએસસી સમીક્ષા, અમદાવાદ |
| ૧૪ | ફાઈન્સલ લર્ટીસીડે, અમદાવાદ |
| ૧૫–૧૬ | નાબાર્ડ કાર્યશાળા, હરિરાજ |
| ૧૮ | પ્રવાહ સાધારણ સભા, અમદાવાદ |
| ૨૧–૨૪ | આઈ ટી વર્ક શોપ રાજકોટ |
| ૨૮–૨૯ | વોલ્યુન્ટરી ટ્રેનીગ (અસરસર્વે ), અમરેલી |
| ૨૮–૩૦ | વર્બાવીમા પ્રેરણા પ્રવાસ, ડુંગરપુર |
| ૩૦–૩૧ | અસર સર્વે |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**શ્રેષ્ઠ પુસ્તકો ખરીદવા ની ટેવ રાખો. પછી ભલે તે વંચાય કે ન વંચાય.**